**રેફરન્સ (આઈ.ટી.સી.) નં.૨૫૨/૨૦૨૫**

**-: આંક:૧૭ હેઠળ હુકમ :-**

**(૧)** સદર કામે બીજા પક્ષકાર (કે જેનો હવે પછીથી ટુંકમાં "અરજદાર" તરીકે ઉલ્લેખ કરેલ છે) ધ્વારા આંકઃર થી તેમનું માંગણાનું નિવેદન રજૂ કરેલ છે.

પ્રથમ પક્ષકાર નં.૧ (કે જેનો હવે પછીથી ટુંકમાં "કોન્ટ્રાકટર" તરીકે ઉલ્લેખ કરેલ છે) ધ્વારા આંક:૧૫ થી તથા પ્રથમ પક્ષકાર નં.૨ (કે જેનો હવે પછીથી ટુંકમાં "સંસ્થા" તરીકે ઉલ્લેખ કરેલ છે) ધ્વારા આંક:૯ થી તેમનો લેખિત જવાબ રજૂ કરેલ છે.

**(૨)** અરજદાર તરફે આંક:૧૭ થી દસ્તાવેજો માંગતી અરજી રજૂ કરી અરજીમાં ઉલ્લેખ કરેલ દસ્તાવેજો સંસ્થાના કબજામાં હોય સદર દસ્તાવેજો સંસ્થા હાલના કામે રજૂ કરે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે. અરજદારની આંક:૧૭ ની દસ્તાવેજોની માંગણી કરતી અરજી સંસ્થાના જવાબ તથા સુનાવણી માટે રાખવામાં આવેલ હતી.

કોન્ટ્રાકટર ધ્વારા આંકઃ૨૦ તથા સંસ્થા ધ્વારા આંકઃ૨૧ થી અરજદારની આંક :૧૭ની દસ્તાવેજોની માંગણી કરતી અરજીનો તેમનો લેખિત જવાબ રજૂ કરેલ છે.

અરજદારની આંક:૧૭ ની દસ્તાવેજોની માંગણી કરતી અરજી પરત્વે અરજદારના વકીલ શ્રીમતી કે.સી.ચૌધરી તથા સંસ્થા તરફે વકીલશ્રી એ.જે.શાહ તથા કોન્ટ્રાકટર તરફે વકીલશ્રી ડી.બી.વકીલને સાંભળ્યા.

**(૩)** અરજદાર ધ્વારા તેમની અરજીમાં સને-૧૯૯૦ થી સને-૧૯૯૭ સુધીના હાજરી પત્રક તથા પગાર પત્રકની માંગણી કરેલ છે. અરજદાર ધ્વારા કોન્ટ્રાકટરના લાઈસન્સ તેમજ સંસ્થાના રજીસ્ટ્રેશન તથા કોન્ટ્રાકટર ધ્વારા મુખ્ય માલિકને આપેલ બિલની માંગણી કરેલ છે.

સદર વિવાદની વિષય-વસ્તુ અરજદારને નોકરીમાંથી છુટા કરેલ હોય નોકરીમાં પુનઃસ્થાપિત થવા અંગેની છે.

સદર વિવાદની વિષય-વસ્તુ ધ્યાને લેતા અરજદારે આંક:૧૭ ની અરજીના ક્રમ નં.૧, ૩,૪ તથા ક્રમ નં.૫ પર જણાવેલ કે જેનો અત્રે અગાઉ ઉલ્લેખ કરેલ છે તે દસ્તાવેજો હાલના કામે રજુ થવા જરૂરી જણાય છે. સદર હકીકતે કોન્ટ્રાકટરે સને-૧૯૯૦ થી સને-૧૯૯૭ સુધીના હાજરી પત્રક તથા પગાર પત્ર તથા કોન્ટ્રાકટરના લાઈસન્સ તેમજ કોન્ટ્રાકટર ધ્વારા મુખ્ય માલિકને આપેલ બિલ ના દસ્તાવેજો હાલના કામે રજુ કરવા. સંસ્થાએ કોન્ટ્રાકટ લેબર મારફતે કામગીરી કરાવવા અંગેના

રજીસ્ટ્રેશન ના દસ્તાવેજો હાલના કામે રજુ કરવા. કોન્ટ્રાકટર તથા સંસ્થાએ ઉપરોકત દસ્તાવેજો હાલના કામે રજુ કરવા અથવા સદર દસ્તાવેજોની દસ્તાવેજોની ઉપલબ્ધતા અંગેનું સોગંદનામું હાલના કામે રજૂ કરવું.

અરજદારે આંક:૧૭ ની અરજીના ક્રમ નં.૨ તથા ક્રમ નં.૬ પર માંગણી કરેલ દસ્તાવેજો હાલના કામના ન્યાયનિર્ણય અર્થે સુસંગત હોવાનું જણાંતુ ન હોય સદર દસ્તાવેજોની માંગણી કરતી અરજી તેટલા પૂરતી નામંજુર કરવામાં આવે છે. સદર કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) બીજા પક્ષકારની આંક:૧૭ ની દસ્તાવેજોની માંગણી કરતી અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરે સને–૧૯૯૦ થી સને–૧૯૯૭ સુધીના હાજરી પત્રક તથા પગાર પત્ર તથા કોન્ટ્રાકટરના લાઈસન્સ તેમજ કોન્ટ્રાકટર ધ્વારા મુખ્ય માલિકને આપેલ બિલ ના દસ્તાવેજો હાલના કામે દિન–૩૦માં રજૂ કરવા અથવા સદર દસ્તાવેજોની ઉપલબ્ધતા અંગેનું સોગંદનામું હાલના કામે રજૂ કરવું.

પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ કોન્ટ્રાકટ લેબર મારફતે કામગીરી કરાવવા અંગેના રજીસ્ટ્રેશન ના દસ્તાવેજો હાલના કામે દિન–૩૦માં રજૂ કરવા અથવા સદર દસ્તાવેજોની ઉપલબ્ધતા અંગેનું સોગંદનામું હાલના કામે રજૂ કરવું.

(૩) સદર કામની હવે પછીની સુનાવણી તા.૨૨/૫/૨૬ ના રોજ હાથ ધરવામાં આવશે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૫) સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Digitally signed by
ASHVINKUMAR ANILKUMAR
DAVE
Reason: Order
at Vadodara
on 05/05/2026 17:05:11 IST.

તા.૫/૫/૨૬
સ્થળ: વડોદરા.

(અશ્વીનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧, વડોદરા.

એસ.સી.ચૌહાણ:સ્ટેનો